# **<u>સ્પીચ</u>**

**<u>માન.અધ્યક્ષ શ્રી</u>**,

આજરોજ આ સદનના માધ્યમથી મને ખાણ-ખનીજ વિભાગની ઉપલબ્ધીઓ જણાવવાનો અવસર આપવા બદલ હું સદનનો આભાર વ્યકત કરુ છુ. તેમજ ચાલુ વર્ષ ૨૦૨૪/૨૫ માં ખાણ ખનીજ વિભાગ બજેટમાં કરેલ જોગવાઈઓને પણ મારુ સમર્થન આપુ છુ તથા ઉદ્યોગ અને ખનીજ વિભાગની અમુક ઉપલ્બ્ધીઓ જણાવવા માંગુ છું.

**<u>માન.અધ્યક્ષ શ્રી</u>**,

આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત એક ખનીજ સમૃધ્ધ રાજ્ય છે,ગુજરાતની જમીનમાં લિગ્નાઈટ,લાઈમસ્ટોન,બોક્સાઈટ,પરલાઈટ જેવી મુખ્ય મુખ્ય અને બ્લેક ટ્રેપ,માર્બલ,ગ્રેનાઈટ, સેન્ડ સ્ટોન વિગેરે જેવી ગૌણ ખનીજો ભરપુર માત્રામાં મળી આવે છે.

**માન.અધ્યક્ષ શ્રી,**

જેમાં મને જણાવતા આનંદ છે કે ગુજરાત લાઈમસ્ટોન, લીગ્નાઈટ,બોક્સાઈટ,ડોમોમાઈટ, તેમજ અન્ય ખનીજોના ઉત્પાદન ક્ષેત્રે દેશમાં અગ્રેસરનું સ્થાન હાંસલ કરે છે.

**માન.અધ્યક્ષ શ્રી,**

વિશેષ જણાવવાનું કે, ચોક ખનીજો માત્ર ગુજરાત રાજ્યમાં મળી આવે છે,

**માન.અધ્યક્ષ શ્રી,**

હાલ રાજ્યમાં ડિસેમ્બર -૨૦૨૩ માં કુલ મુખ્ય ખનીજોની ૪૨૧ લીઝો તેમજ ગૌણ ખનીજોની કુલ ૭૩૧૩ જેટલી ક્વોરીલીઝો અસ્તિત્વમાં છે તેમજ રાજ્ય સરકારશ્રીને વર્શઃઅ ૨૦૨૦-૨૧ માં  ૧૩૫૨ કરોડ, વર્ષ ૨૦૨૧ – ૨૨ માં  ૧૭૩૩ કરોડ તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ ૨૦૭૨ કરોડ આવક થયેલ છે તેમજ ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માં ડિસેમ્બર -૨૦૨૩ નાં અંત સુધીમાં ૧૨૩૬ કરોડ ની માતબર રકમની આવક નોંધાયેલ છે, એમ દર વર્ષે આવકમાં ઉત્તરોત્તર વધારો જ નોંધાયેલ છે જે બદલ ખાણ ખનીજ વિભાગને અભિનંદન પાઠવુ છુ.

**માન.અધ્યક્ષ શ્રી,**

આપણે જાણીએ છીએ કે ખનીજોનો ઉપયોગ બાંધકામ,સિમેન્ટ,કેમિકલ વગેરે એકમોમાં કાચા માલ તરીકે ઉપયોગમાં લેવાય છે અને બ્લીચિંગ પાવડર,સ્મારકો,ફર્ટીલાઈઝર વિગેરેમાં ફિલર તરીકે તેમજ અન્ય કામોમાં ઉપયોગમાં લેવામાં આવે છે આમ,મહેસુલી આવકની દ્રષ્ટીએ રાજ્યના વિકાસ કાર્યોને વેગવંતા રાખવા માટે ખનીજ ક્ષેત્રે ઉદ્યોગ અને ખાણ વિભાગ ખુબ મહત્વનો ભાગ ભજવી રહ્યુ છે.

**માન.અધ્યક્ષ શ્રી,**

જે ગામમાંથી રેતી,કાંકરા અને ગ્રેવલ ખનીજની રોયલ્ટીની આવક થઈ હોય તે ગામના વિકાસ કરવા માટે જીલ્લા પંચાયતને આવકના ૯૫% ગ્રાન્ટ ફાળવવામાં આવે છે,જેના માટે ચાલુ બચત તરીકે રૂ ૨૦૦ કરોડની જોગવાઇ બજેટમાં કરવામાં આવી છે જેને હું મારુ સમર્થન આપુ છું.

**માન.અધ્યક્ષ શ્રી**,

લીઝમાં અવર – જવર કરવા ખનીજ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધા પુરી પાડવામાં આવે છે જેનાથી ખનીજ ઉદ્યોગને વેગ મળી રહે તે હેતુથી ચાલુ બાબત તરીકે રૂ ૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે જે પ્રસંશનીય છે

**માન.અધ્યક્ષ શ્રી**,

રાજ્યમાં વિવિધ વિસ્તારોમાંથી લેવામાં આવેલ ખનીજના સેમ્પલનું લાંબા ગાળા સુધી સંગ્રહ અને સંરક્ષણ કરી શકાય તે હેતુથી રાજ્યમાં ગાંધીનગર ખાતે કોર લાઈબ્રેરી બનાવવાની પહેલ આપણી ગતિશીલ ગુજરાતની સરકાર દ્વારા પહેલ કરવામાં આવી છે તેમજ રાજ્યમાં રેર અર્થ એલીમેન્ટ (REE) ના સંશોધન તેમજ મુલ્યવર્ધન માટે વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે,

**માન.અધ્યક્ષ શ્રી,**

(REE) માટેની વિશેષ લેબોરેટરીમાં અધ્યતન મશીનરીથી ખનીજનું પૃથ્થકરણ હાથ ધરાશે.આમ કોર લાઈબ્રેરી તથા ડેડીકેટેડ લેબ ફોર REE એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ માટે ચાલુ બાબતમાં કુલ રૂ ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે જેને હું આવકારુ છું.

**માન.અધ્યક્ષ શ્રી,**

રાજ્યમાં ગેરકાયદેસર રીતે ચાલતી રેતી ખનન/વહન પ્રવૃત્તિ અટકારવવા હેતુ માનવબળની સહાયતા મેળવી કામગીરી હાથ ધરી શકાય તે માટે ચાલુ બાબત તરીકે રૂ. ૭ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે જેને હું આવકારુ છું.

**<u>માન.અધ્યક્ષ શ્રી</u>,**

સ્ટોન આર્ટીજન પાર્ક અંબાજી તથા ધાંગધા ખાતે ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ દ્વારા પથ્થરકળામાં રહેલી વિપુલ સંભાવનાઓનો ઉપયોગ કરીને શિલ્પકામનાં વારસાને આગળ ધપાવવા,શૈક્ષણિક તાલીમ દ્વારા સર્જનાત્મક અને શિલ્પકળામાં વૃધ્ધિ કરવા તથા રોજગારી પુરી પાડવા માતે ચાલુ બાબત તરીકે રૂ.૬.૮૨ કરોડની આ વર્ષના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે જેને હું આવકારુ છું.

**<u>માન.અધ્યક્ષ શ્રી</u>,**

ખનીજ સંશોધન ક્ષેત્રે રાજ્યના બિનસંશોધિત વિસ્તારોને આવરી લેવાનો તેમજ વિગતવાર અને શારકામ દ્વારા સંશોધન કરીને ખનીજોની ગુણવત્તા અને આકરણી કરવાનું આયોજન કરેલ છે.જેથી ગુજરાત સંશોધન યોજના ચાલુ બાબત માટે રૂ.૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ જે પ્રશંસનીય છે.

**માન.અધ્યક્ષ શ્રી,**

ગુજરાત સરકાર દ્વારા પણ નામદાર સુપ્રિમકોર્ટના સુચન અને કેન્દ્રના કાયદાને ધ્યાને લઈ ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમો,૨૦૧૭ મુજબ જાહેર હરાજીથી લીઝો આપવા માટે ઈ-ઓક્શન ફોર મિનરલ ચાલુ બાબત માટે રૂ. ૩ કરોડની જોગવાઈને હું સમર્થન આપુ છું.

**માન.અધ્યક્ષ શ્રી,**

અરજદારને સરળતાથી પર્યાવરણીય પ્રમાણપત્ર મળી રહે તે હેતુથી મદદરૂપ થવા માટે એજન્સીઓની નિમણુંક કરવામાં આવી છે જેના માટે ચાલુ બાબત તરીકે રૂ ૩ કરોડ ની જોગવાઈ કરવામાં આવી છે જેને પણ મારુ સમર્થન છે

**<u>માન.અધ્યક્ષ શ્રી</u>,**

અંતે હું જણાવવા માંગીશ કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબની મક્કમ અને મૃદુ સરકારના સાર્થક નિર્ણયો દ્વારા આવનારા વર્ષમાં ગુજરાત પ્રગતિના પંથે જઇ રહ્યુ છે જે બદલ હું સરકારશ્રીને વિશેષ અભિનંદન પાઠવવા માંગુ છું.

ભારત માતા કી જય...... જય જય ગરવી ગુજરાત.....જય શ્રી રામ..... વંદે માત્તરમ.......